પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૮ | ૩૦ નવેમ્બર, ૨૦૨૨, બુધવાર; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત

**ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત : પહેલી ડિસેમ્બરે રાજ્યના ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદાન : પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદાવારો, કુલ ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદાર, ૧ કરોડ ૧૫ લાખ ૪૨ હજાર ૮૧૧ મહિલા મતદારો, ૧ કરોડ ૨૪ લાખ ૩૩ હજાર ૩૬૨ પુરુષ મતદારો મતદાન કરશે**



અમદાવાદ , તા.૨૯

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે, જ્યારે પ્રથમ તબક્કા માટે ૧ ડિસેમ્બરે મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદાવારો ચૂંટણી મેદાને

**પ્રથમ તબક્કા મતદાનના મુખ્ય મુદ્દા**

- પ્રથમ તબક્કામાં ૧૨ મંત્રીઓની શાખ દાવ પર
- પ્રથમ તબક્કામાં ૧૨ પૂર્વ મંત્રીઓની શાખ દાવ પર
- પ્રથમ તબક્કામાં કોંગ્રેસના ૩ કાર્યકારી પ્રમુખ પણ મેદાને
- ૮૮ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, આપ મેદાને
- પ્રથમ તબક્કામાં કુલ ૭૦ મહિલા ઉમેદવાર
- ૧૯ જિલ્લામાં પ્રથમ ફેઝમાં મતદાન થશે
- ૫,૭૪,૫૦૦ લોકો પ્રથમ વાર મતદાન કરશે
- પ્રથમ તબક્કામાં કુલ ૫૨૨૯ ફરિયાદો મળી હતી
- ૯ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે


● અનુસંધાન પાન-૭ પર

## ચીનની સરકાર ઝૂકી, ઝીરો કોવિડ પોલીસમાં રાહત અપાઈ

**બેઇજિંગમાં એપાર્ટમેન્ટ તરફ જતા રસ્તાઓ બ્લોક કરવામાં આવશે નહીં, ગ્વાગ્ઝૂમાં માસ ટેસ્ટિંગના નિયમોમાં પણ રાહત આપવામાં આવી**

બેઈજિંગ, તા.૨૯

ચીનથી ફેલાયેલ કોરોના વાયરસ પુરી દુનિયામાં ફેલાયા બાદ આ વાયરસે લાખો લોકોના જીવ લીધા છે. ત્યારે પોતાનું સ્વરુપ પણ આ વાયરસે નવા નવા વેરિયેન્ટનાં રુપમાં બદલ્યુ છે. વિશ્વભરમાં કોરોનાના નિયમો અને લોકડાઉન લાધ્યા બાદ ધીમે ધીમે દરેક જગ્યાએથી નિયમો હળવા પણ થઈ ગયા છે. ત્યારે હવે ચીનમાં કોરોના સામે લડવા માટે લાગુ કરવામાં આવેલા કડક નિયંત્રણોને લઈને લોકોમાં વિરોધ જોવા મળી રહ્યો છે.



ચીનમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. આ પહેલીવાર છે જયારે ચીનની સરકારને લોકોના આંદોલનના કારણે પોતાના નિર્ણય બદલવો પડશે.

ચીનની સરકારનું કહેવું છે કે,ઝીરો કોવિડ પોલિસી અમલમાં રહેશે, પરંતુ હવે તેમાં રાહત આપવામાં આવશે.

બેઈજિંગમાં એપાર્ટમેન્ટ તરફ જતા રસ્તાઓ બ્લોક કરવામાં આવશે નહીં. આ સિવાય ગ્વાગ્ઝૂમાં માસ ટેસ્ટિંગના નિયમોમાં પણ રાહત આપવામાં આવી છે. શિનજિયાંગમાં જ્યાં કોરોનાના કેસ ઓછા છે તે વિસ્તારો ખોલવામાં આવ્યા છે.

બેઈજિંગ વહીવટીતંત્ર કહે છે કે તે તેની કંટેનમેંટ પોલીસીને ઢીલ આપશે, જેના હેઠળ તે એપાર્ટમેન્ટ્સને બ્લોક કરી દેવામાં આવશે. જ્યાં વધુ કેસ મળી આવ્યા છે. હવે ગેટ બ્લોક કરવામાં આવશે નહીં અને કોઈની પણ એન્ટ્રીને રોકવામાં નહી આવે. ચીનમાં સરકાર વિરુદ્ધ મહિનાઓથી બળવો ચાલી રહ્યો છે, પરંતુ શિનજિયાંગ પ્રાંતના ઉરુમકી વિસ્તારમાં આગમાં ૧૦ લોકોના મોત થયા છે.

## પાક પર હુમલો કરવા તહરીક-એ-તાલિબાનનો આદેશ

**આતંકવાદી સંગઠને પાક. સાથે સંઘર્ષ વિરામ સમાપ્ત કર્યો : ટીટીપીની જાહેરાત બાદ પાકિસ્તાન સરકારે જો કે કોઈ પ્રતિક્રિયા નથી આપી પરંતુ સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવી છે**

ઈસ્લામાબાદ, તા.૨૯

તહરીક-એ-તાલિબાન (ટીટીપી) એ પાકિસ્તાનમાં શાહબાઝ સરકાર સાથે સંઘર્ષ વિરામ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. આ જાહેરાતની સાથે જ આ પ્રતિબંધિત આતંકવાદી સંગઠને તેના લડવૈયાઓને પાકિસ્તાનમાં ગમે ત્યાં હુમલો કરવાનો આદેશ આપ્યો છે. બીજી તરફ ટીટીપીની જાહેરાત બાદ પાકિસ્તાન સરકારે જો કે કોઈ પ્રતિક્રિયા નથી આપી પરંતુ સુરક્ષા એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવી છે. ટીટીપીએ પોતાના લડવૈયાઓને આ આદેશ એવા સમયે આપ્યો છે જ્યારે ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ૧૭ વર્ષ બાદ પાકિસ્તાનની ધરતી પર છે અને ૧ ડિસેમ્બરથી ત્રણ મેચની ટેસ્ટ સીરિઝ શરૂ થવાની છે. આ સિવાય પાકિસ્તાનમાં નવા આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે પણ કાર્યભાર સંભાળી લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના રસીથી કથિત મૃત્યુની જવાબદારી લેવાનો કેન્દ્ર સરકારનો સ્પષ્ટ ઈનકાર

**કેન્દ્ર સરકારની સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ : આ મામલો ગયા વર્ષે સુપ્રીમ કોર્ટમાં કોરોના રસીકરણના કારણે કથિત રીતે બે યુવતીઓના મૃત્યુને લઈને દાખલ કરવામાં આવેલી અરજી સાથે સંબંધિત છે**

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્ર સરકારે કોરોના રસીકરણને કારણે થયેલા કથિત મૃત્યુ અંગે કોઈ જવાબદારી લેવાનો ઈન્કાર કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી એફિડેવિટમાં કેન્દ્રએ કહ્યું કે, તેને મૃતકો અને તેમના પરિવારો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ છે. પરંતુ, રસીની કોઈપણ પ્રતિકૂળ અસર માટે તેને જવાબદાર ઠેરવી શકાય નહીં. આ મામલો ગયા વર્ષે સુપ્રીમ કોર્ટમાં કોરોના રસીકરણના કારણે કથિત રીતે બે યુવતીઓના મૃત્યુને લઈને દાખલ કરવામાં આવેલી અરજી સાથે સંબંધિત છે.

એફિડેવિટ સાથે દાખલ કરવામાં આવેલા જવાબમાં કેન્દ્રએ જણાવ્યું હતું કે, રસીના કારણે મૃત્યુ થયા હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને વળતરની માંગ કરી શકાય છે. આ સોગંદનામું બંને છોકરીઓના માતા-પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં આવ્યું છે. કોવિડ રસીકરણ પછી ગયા વર્ષે તેમનું અવસાન થયું હતું. જેને લઈને અરજીમાં માંગ કરવામાં આવી છે કે, કોવિડ રસીના કારણે મૃત્યુના કેસોની સ્વતંત્ર તપાસ થવી જોઈએ અને રસીકરણ પછી કોઈપણ પ્રતિકૂળ અસર (એઈએફઆઈ) ને સમયસર શોધી કાઢવા અને નિવારક પગલાં લેવા માટે નિષ્ણાત તબીબી બોર્ડની રચના કરવા વિનંતી કરવામાં આવી છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ગત સપ્તાહે અરજીનો જવાબ દાખલ કરવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું છે કે, રસીની પ્રતિકૂળ અસરોને કારણે બહુ ઓછા મૃત્યુ અને વળતર માટે કેન્દ્રને જવાબદાર ઠેરવવું કાયદેસર રીતે યોગ્ય રહેશે નહીં. બે છોકરીઓના મૃત્યુ પર શોક વ્યક્ત કરતા કેન્દ્રએ કહ્યું કે, માત્ર એક જ કેસમાં છઈહ્રૈં સમિતિને રસીકરણની પ્રતિકૂળ અસરો કારણભૂત હોવાનું જણાયું હતું. વળતરની અરજદારની માંગને નકારી કાઢતાં, આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, જો કોઈ વ્યક્તિને શારીરિક ઈજા થાય છે અથવા રસીકરણની પ્રતિકૂળ અસરોને કારણે મૃત્યુ પામે છે. તો તે, અથવા તેનો પરિવાર કાયદા મુજબ વળતર અથવા નુકસાનની માંગણી માટે સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

## ઈમરજન્સીમાં ટિકિટ નહી હોય તો પણ રેલ્વેમાં મુસાફરી કરી શકશો

**જો તમારી પાસે રિઝર્વેશન ન હોય અને તમારે ક્યાંક ટ્રેનમાં જવાનું હોય તો તમે પ્લેટફોર્મ ટિકિટ લઈને ટ્રેનમાં ચઢી શકો છો**

નવી દિલ્હી, તા.૨૯

ટિકિટ કન્ફર્મ ન હોય તેવા કિસ્સામાં ટ્રેનમાં મુસાફરી કરવાથી દંડ થઈ શકે છે. ઘણી વખત્ ઈ મુસાફરને સ્થળ પર ટિકિટ આપી દે છે. જોકે, ક્યારેક ઈમરજન્સીમાં ક્યાંક જવું પડે તેમ હોય અને કન્ફર્મ ટિકિટ ન હોય તેવા કિસ્સામાં મુસાફરો સામે આ મુશ્કેલી હોય છે. પણ હવે રેલવે વિભાગે આ તકલીફનો ઉકેલ આપ્યો છે. હવે તમે તે દંડ અથવા ટિકિટના પૈસા કાર્ડ દ્વારા ચૂકવી શકો છો. પેમેન્ટમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રેલવેએ પોતાની ઈલેક્ટ્રોનિક સર્વિસ એટલે કે POSને ૪જી સર્વિસ સાથે જોડી દીધી છે. રેલવેના નિયમ મુજબ જો તમારી પાસે રિઝર્વેશન ન હોય અને તમારે ક્યાંક ટ્રેનમાં જવાનું હોય તો તમે પ્લેટફોર્મ ટિકિટ લઈને ટ્રેનમાં ચઢી શકો છો. જો કે, ટ્રેનમાં ચઢ્યા પછી તમારે તમારી ટિકિટ માટે તરત જ ટિકિટ ચેકિંગ કર્મચારીને મળવું પડશે. આ સેવા ફક્ત કટોકટી દરમિયાન જ ઉપલબ્ધ છે. પરિવાર કે સમૂહમાં આ રીતે યાત્રા નહીં કરી શકો. તમે ટિકિટ ચેકર પર જઈને સરળતાથી ટિકિટ લઈ શકો છો. આ નિયમ ભારતીય રેલવે નિયમો દ્વારા બનાવવામાં આવ્યો છે. આ માટે તમારે પ્લેટફોર્મ ટિકિટ લઈને ટિકિટ ચેકર એટલે કે TTEનો તાત્કાલિક સંપર્ક કરવો પડશે. ત્યારબાદ TTE તમને જ્યાં જવાનું છે તે સ્થળની ટિકિટ આપશે. રેલવે બોર્ડના જણાવ્યા અનુસાર અધિકારીઓ પાસે પોઈન્ટ ઓફ સેલિંગ મશીનમાં ૨જી સિમ લગાવેલા હોય છે, જેના કારણે ઘણી વખત દૂરના વિસ્તારોમાં ઈન્ટરનેટ નેટવર્કની સમસ્યા થાય છે, પરંતુ હવે તમારે નેટવર્કને કારણે ચિંતા કરવાની જરૂર રહેશે નહીં. આ મશીનો માટે રેલવે ૪જી સિમની સુવિધા શરૂ કરવામાં આવી રહી છે, જેથી તમે સરળતાથી ચૂકવણી કરી શકશો રેલવેએ આ નવું પગલું ભર્યું છે. હવે તમે ટ્રેનનું ભાડું અથવા તો રોકડની જગ્યાએ તમારા ડેબિટ કાર્ડથી દંડ ભરી શકો છો. એટલે કે હવે જો તમારી પાસે ટ્રેનની ટિકિટ ન હોય તો તમે ટિકિટ લઈ શકો છો અથવા ટ્રેનમાં ચડ્યા બાદ કાર્ડથી દંડ ભરી શકો છો.

## પ્રયાગરાજથી લખનૌ જતી ટ્રેનનું એન્જિન-બે ડબ્બા છૂટા પડી ગયા

**ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના રામચૌરાની ઘટના : ટ્રેન બે ભાગમાં અચાનક વહેંચાઈ જતા ગંગા ગોમતી એક્સપ્રેસમાં અફરાતફરી મચી ગઈ, કોઈ ડબ્બો દુર્ઘટનાગ્રસ્ત થયો નથી**



લખનૌ, તા.૨૯

પ્રયાગરાજમાં મંગળવારે સવારે મોટી દુર્ઘટના ટળી. ગંગા ગોમતી એક્સપ્રેસ ઘટનાનો ભોગ બનતા બનતા રહી ગઈ. ઘટના ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના રામચૌરાની છે. પ્રયાગરાજથી લખનૌ જઈ રહેલી આ ટ્રેનનું એન્જીન અન્ય ડબ્બાથી અલગ થઈ ગયા. રાહતની વાત એછે કે ઘટનામાં ટ્રેનનો કોઈ ડબ્બો દુર્ઘટનાગ્રસ્ત થયો નથી અને કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી.

પ્રયાગરાજથી લખનૌ જતી ગંગા ગોમતી એક્સપ્રેસમાં તે સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે ટ્રેન બે ભાગમાં અચાનક વહેંચાઈ ગઈ. એન્જિન અને બે ડબ્બા આગળ નીકળી ગયા જ્યારે અન્ય ડબ્બા પાછળ જ છૂટી ગયા. લગભગ દોઢ કલાક સુધી ટ્રેન વચ્ચે રસ્તામાં ઊભી રહી. કપલિંગ તૂટી જવાના કારણે આમ બન્યુ હોવાનું જણાવાઈ રહ્યુ છે. જોકે ઘટનામાં ટ્રેનના કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી અને દુર્ઘટના ટળી જવાના કારણે રેલવે તંત્ર અને મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો છે. રેલવેએ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

## દેશનું પ્રથમ ૨૦૦ કિલો સુધીનો ભાર વહન કરતું ડ્રોન તૈયાર કરાય છે

**આઈઆઈટી મંડીમાં સ્ટાર્ટઅપ હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યું છે : ડ્રોન પોલિસી બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય હિમાચલ : આ ડ્રોનનું ટ્રાયલ પણ આઈઆઈટી કેમ્પસમાં જ એક બિલ્ડિંગથી બીજી બિલ્ડિંગમાં કરવામાં આવશે**

મંડી, તા.૨૯

ડ્રોન પોલિસી બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય હિમાચલના




નામમાં વધુ એક સિદ્ધિ ઉમેરાવાની છે. ૨૦૦ કિલો સુધીનો ભાર વહન કરતું દેશનું પ્રથમ ડ્રોન આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી), મંડી, હિમાચલ ખાતે એક સ્ટાર્ટઅપ હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે આ ડ્રોનનું ટ્રાયલ પણ આઈઆઈટી કેમ્પસમાં જ એક બિલ્ડિંગથી બીજી બિલ્ડિંગમાં કરવામાં આવશે. તેની ઊંચી લિફ્ટિંગ ક્ષમતાને કારણે આ ડ્રોન પર્વતીય રાજ્યોમાં એર કાર્ગો પરિવહન માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. સ્ટાર્ટઅપ કંપનીનો દાવો છે કે વધુ વહન ક્ષમતાને કારણે આ ડ્રોન પર્વતીય વિસ્તારોમાં સામાન લઈ જવા માટે ૭ ટકા સુધી સસ્તું રહેશે. કટોકટીની સ્થિતિમાં તેના દ્વારા દૂરના વિસ્તારોમાંથી ઘાયલોને પણ હોસ્પિટલ સુધી લઈ જઈ શકાશે. એક મહિના પહેલા આ કંપનીએ અરુણાચલ પ્રદેશમાં ૬૫૦૦ ફૂટની ઉંચાઈ પર ભારતીય સેનાને ૫૦ કિલો જરૂરી સામાન પહોંચાડવાની ટ્રાયલ સફળતાપૂર્વક હાથ ધરી છે.

પ્રોફેસર ડૉ. પૂરણ સિંહ કેટાલિસ્ટ ફેકલ્ટી ઈન્ચાર્જ,

● અનુસંધાન પાન-૭ પર

## લગ્નમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યા ત્યારે ટ્રેન સાથે અથડાતા બેનાં મોત

છોટાઉદેપુર, તા.૨૯

પાવીજેતપુર નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે જેમાં બે લોકોનાં મોત નીપજ્યા છે. પાવીજેતપુર નજીક ટ્રેક ઉપરથી પસાર થતા અચાનક ટ્રેન આવી જતા ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં બે મહિલાઓનાં મોત થયા છે. આ બંને મહિલા લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ઘરે આવી રહી હતી. તે દરમિયાન જ આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માત બાદ પોલીસે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ૪૫ વર્ષનાં સવિતા રાઠવા અને ૧૯ વર્ષનાં તેજલ બારીયા લગ્ન પ્રસંગમાં હાજરી આપીને ઘર આવી રહ્યા હતા. તે દરમિયાન પાવીજેતપુર નજીક ટ્રેનની અડફેટે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બંનેનાં મોત નિપજ્યા છે.

## મેઘાલયમાં સત્તારૂઢ એનપીપી અને વિપક્ષ ટીએમસીના ત્રણ ધારાસભ્યોનાં રાજીનામા

શિલોંગ, તા.૨૯

મેઘાલયમાં સત્તારૂઢ નેશનલ પીપુલ્સ પાર્ટી (એનપીપી) અને વિપક્ષી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ને મોટો આંચકો લાગ્યો છે. એનપીપી અને તૃણમૂલના બે ધારાસભ્યોએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. ત્રણેય ભાજપમાં જોડાશે. તેઓ પીએમ નરેન્દ્ર મોદીને રોલ મોડલ માને છે. ત્રણેય ધારાસભ્યોએ ૧૧મી વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. તેમણે ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. આ ધારાસભ્યો એનપીપીના બેનેડિક્ટ મારક અને ફૈરલીન સંગમા અને ટીએમસીના હિમાલય મુક્તાન શાંગપ્લિયાંગ છે. ત્રણેય વિધાનસભા અધ્યક્ષ મેટબાહ લિંગદોહને રાજ્ય સચિવાલયમાં મળ્યા અને તેમને તેમના રાજીનામા સુપરત કર્યા.

મેઘાલયમાં મેઘાલય ડેમોક્રેટિક અલાયંસ (એમડીએ) દ્વારા સંચાલિત છે. ગઠબંધન પાસે ૬૦ સભ્યોની મેઘાલય વિધાનસભામાં એનપીપીના ૨૩ સહિત કુલ ૪૮ ધારાસભ્યો છે. ભાજપ, તેના બે ધારાસભ્યો સાથે, રાજ્યમાં નેશનલ પીપુલ્સ પાર્ટીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારની સાથી છે. એનપીપી સાથે ભાજપના સંબંધો થોડા દિવસોથી થઈ ગયા છે.

જો કે, શાંગપ્લિયાંગે કહ્યું કે સમય આવશે જ્યારે અમે ચૂંટણી મેદાનમાં જઈશું અને લોકોને અમારી વાત કહીશું. અમે ભાજપમાં એટલા માટે જોડાઈ રહ્યા છીએ કારણ કે અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક રોલ મોડલ તરીકે જોઈ રહ્યા છીએ. પીએમ મોદી વસ્તુઓને બદલી શકે છે. અમે અનુભવીએ છીએ અને અમને વિશ્વાસ છે કે મેઘાલય માટે વસ્તુઓ બદલાશે.

